# ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આજથી શરુ થયેલું ૫ દિવસનું જાહેર પરિવહનમાં પ્રચાર અભિયાન

## પ્રદીપસિંહ વાઘેલાએ અમદાવાદથી મહેસાણા જમ્મુ તાવી ટ્રેનમાં બેસીને પ્રચારનો પ્રારંભ કર્યો

ગાંધીનગર, તા.૧૫

ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવતા કહ્યું છે કે આજ રોજ ભારતીય જનતા યુવા મોરચા દ્વારા ૫ દિવસીય પ્રચાર અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ કરાવતા ગુજરાત યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રદીપસિંહ વાઘેલાએ ૧૫ કાર્યકર્તાઓ સાથે સવારે ૧૧ વાગે જમ્મુ તાવી એકસપ્રેસમાં અમદાવાદથી મહેસાણા થઈ પાલનપુર ટ્રેનમાં પ્રવાસ કરી પ્રવાસીઓ સાથે વાતચીત કરી ભાજપને મત આપવા અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બને તે માટે ભાજપને જીતાડવા અપીલ કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બને તે માટે દેશભરના યુવાનોએ મન બનાવી લીધું છે. માટે આજથી ૫ દિવસ સધી ગુજરાત યુવા મોરચાના કાર્યકર્તાઓ અલગ અલગ ટીમ બનાવીને ગુજરાતના અલગ અલગ સ્થાન પર ટ્રેનોમાં, એસટી બસોમાં, સીટી બસમાં, બીઆરટીએસમાં પ્રવાસ કરી લોકો વચ્ચે જશે. જો દેશમાંથી ભ્રષ્ટાચાર હટાવવો હોય, મોંઘવારી દુર કરવી હોય, આતંકવાદ ખતમ કરવો હોય, આ દેશને વિકાસશીલ જોવો હોય તો નરેન્દ્રભાઈ મોદીને પ્રધાનમંત્રી બનાવવા જરુરી છે આ વાત જનતાની વચ્ચે લઈ જશે એમ શ્રી હિતેશભાઈ પટેલે જણાવ્યું હતું.



રાહુલ ગાંધી સાથે કોંગ્રેસ પાર્ટી ઓફિસ પર કાર્યકરોએ વાતચીત કરી હતી. લાઈવ પત્રકાર પરિષદ રાહુલ ગાંધીએ સંબોધી હતી.

# પેનલ પરના અધિકારીઓ પાસે પડતર કેસોના કારણે કેસોના નિકાલમાં વિલંબ થાય છે

ગાંધીનગર, તા.૧૫

ખાતાકીય અને પ્રાથમિક તપાસના કેસો માટે રાજય સરકારના વિભાગો દ્વારા રચવામાં આવેલ અધિકારીઓની પેનલ પરના અધિકારી પાસે પડતર કેસોના ભરાવાના કારણે કેસોના નિકાલમાં વિલંબ થાય છે આથી આ પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવે તો વિલંબ ટાળી શકાય તેવું સૂચન કરવામાં આવ્યું છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રાથમિક તપાસના કેસોના નિકાલ માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવોની બનેલી સમિતિ સમક્ષ કેસની વિગતો રજુ કરીને કેસની ગુણવત્તાના આધારે પ્રાથમિક તપાસના કેસોનો નિકાલ કરવામાં આવતો હતો અને તેના પરિણામે આવા કેસોના ઝડપી નિકાલ લાવી શકાતો હતો અને પેનલ પરના અધિકારીઓનું કાર્યભારણ ઓછું થતું હતું અને સંબાંધિત કર્મચારી અધિકારીને પેન્શન નાણાંકીય લાભો દ્વારા પેનલ પરના અધિકારીઓની નિમણુંક કરવામાં આવે છે.

પેનલ પર નિમણુંક કરવામાં આવતા અધિકારીઓની સમીક્ષા કરીને જરુર જણાયે વિભાગવાર ખાતાકીય તપાસ પ્રાથમિક તપાસના કેસોના પેનલ પરની અધિકારીઓની સંખ્યામાં વધારો ઘટાડો કરવા અને સામાન્ય જનરલ પ્રકારના ખાતાકીય તપાસ પ્રાથમિક તપાસના કેસોને અલગ રીતે તારવીને આ માટે અલગ અધિકારીઓની પેનલ બનાવી શકાય તો કેસોનું પ્રમાણ ઘટાડી શકાય તેમ છે તેવું સૂચન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આ અંગેની કાર્યવાહી કરીને એક પ્રેઝન્ટેશન સરકાર સમક્ષ રજુ કરવા માટે પણ સંબંધ વિભાગને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ગોમતીપુરમાં દારૂના અડ્ડા પર રેડ પાડતી વેળા પોલીસ પર પથ્થરમારો

## દરોડા વેળા સ્થાનિક લોકો સાથે પોલીસની ઝપાઝપી પણ થઈ : ચાર જવાનોને ઈજાઓ: ક્ષણિક તંગદિલી પણ ફેલાઈ

અમદાવાદ, તા.૧૫

ગોમતીપુર પોલીસે બાતમીના આધારે દારૂ અંગે રેડ પાડતા ત્યાં રહેલા લોકોએ પોલીસ પર હુમલો કર્યો હતો. જો કે પોલીસે એકને પકડીને વિદેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. આ ઝપાઝપીમાં પોલીસના ચારેક જવાનો ઘવાયા હોવાનું જાણવા મળ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગોમતીપુર વિક્રમ મિલના કમ્પાઉન્ડમાં ઝોન-૭ના સ્કોર્ડ બાતમીના આધારે કુખ્યાત બુટલેગર કમલેશ ભૈયાના દારૂના અડ્ડા પર રેડ પાડી હતી. ખાનગી કારમાં રેડ પાડવા ગયેલ પોલીસ કર્મી પર ત્યાંના લોકોએ પથ્થરમારો શરૂ કરતા મામલો બિચકાયો હતો. આ ઝપાઝપીમાં પોલીસે દારૂના અડ્ડા પરથી એકને નપકડી પાડ્યો હતો તેમજ ઘટના સ્થલેથી વિદેશી દારૂની બોટલ કિંમત રૂા. ૮,૩૧,૦૦૦, મોબાઈલ તથા બે ઈનોવા કાર મળી કુલ રૂા. ૧૯,૩૪,૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસ અને દારૂના અડ્ડા સાથે સંકળાયેલ લોકો વચ્ચેની ઝપાઝપીમાં કોન્સ્ટેબલ ભાવેશ પાઠકને ઈજા થતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તેમજ અન્ય પોલીસકર્મીને નાની મોટી ઈજાઓ થઈ હતી. ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પિસ્તોલ તથા કારતુસ સાથે એક શખ્સની ધરપકડ થઈ

યુવાનોમાં કોઈપણ બાબતે થતી નાની-મોટી બોલાચાલી અને ઝઘડામાં હથિયારો વડે હુમલો કરવાનું પ્રમાણ વધી રહ્યું છે. છેલ્લા ચાર વર્ષમાં આવા અનેક બનાવો શહેરમાં બન્યા છે. જેમાં યુવાનો હથિયાર થકી હુમલો કરતા હોવાનું બહાર આવ્યું છે. ઝઘડો કે લૂંટફાટ જેવાં કિસ્સામાં મહત્તમ હથિયારનો ઉપયોગ થાય છે ત્યારે શહેરના દાણીલીમડા વિસ્તારમાંથી એક યુવકની ઘાતક હથિયારો સાથે ધરપકડ કરવામાં આવી છે. આ ઘાતક હથિયારો પોતાની પાસે રાખવા પાછળનું કારણ આરોપી ફિરોજ રઈશએહમદ પઠાણ (ઉ.૩૪) સ્વબચાવ હોવાનું જણાવ્યું છે. આશરે ત્રણેક વર્ષ પહેલા આરોપી ફિરોજ મિતલનગર ખાતે રહેતો હતો.

# રાજયના પ્રજાજનોને હોળી-ધૂળેટીના પર્વ પર રાજયપાલશ્રીની શુભકામનાઓ

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ હોળી-ધૂળટીના પવિત્ર પર્વ પર રાજયના પ્રજાજનોને હાર્દિક શુભકામનાઓ આપી છે.

રાજયપાલશ્રીએ તેમના સંદેશમાં જણાવ્યું છે કે રંગોનું આ પાવન પર્વ સામાજિક જીવનમાં ઉમંગ, શાંતિ અને સૌહાર્દમાં વૃદ્ધિ કરશે.

# આસિઆની માસિક સભા ૨૩મીએ

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનયર્સ એન્ડ આર્કિટેકના સભ્યોની માર્ચ મહિનાની માસિક સભા તા. ૨૩ માર્ચ રવિવાર સવારે ૧૦ કલાકે સિ.સિ.કા.ના કાર્યાલય નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે યોજવામાં આવશે. તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# ગાંધીનગરના પાલજ ગામ ખાતે હોળીના પવિત્ર અગ્નિમાં મત માટે ઉમેદવારો દ્વારા અપનાવવામાં આવતાં ગેરબંધારણીય અને દુષ્કૃત્યોને પ્રતિકાત્મક રીતે આહુતી અપાશે

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર, ગાંધીનગર દ્વારા હોળીના પવિત્ર દિવસે ગાંધીનગરથી નજીક આવેલા પાલજ ગામ ખાતે હોળીના પવિત્ર અગ્નિમાં મત મેળવવા માટે ઉમેદવારો દ્વારા અપનાવવામાં આવતાં ગેરબંધારણીય અને દુષ્કૃત્યોને -તિકાત્મક રીતે હોળીમાં આહુતી આપવાનો કાર્યક્રમ યોજાનાર છે. મતદાન જાગૃતિ હેતુનું એક નાટક ચાલો મતદાન કરીએનું પણ આયોજન કરવામાં આવ્યું છે, તેવું જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપે જણાવ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે વધુમાં જણાવ્યું છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી તા. ૩૦મી એન્લિ, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત આર્દશ આચારસંહિતાના અમલવારી માટે જિલ્લા કક્ષાએ ચીફ નોડલ અધિકારીશ્રી અને પાંચ વિદ્યાનસભા માટે પાંચ નોડલ અધિકારીશ્રીઓની ટીમ સાથે નિમણૂંક કરવામાં આવી છે. આર્દશ આચારસંહિતાના અમલવારી અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં જાહેર તથા ખાનગી મિલકતો ઉપરથી દિવાલ ઉપરના લખાણો- ૪૧૫, પોસ્ટરો- ૪૦૩, બેનર્સ- ૨૦૩ અને અન્ય ૭૧૮ મળી કુલ- ૧૪૬૪ જેટલા લખાણો, પોસ્ટરો દૂર કરવામાં આવ્યા છે.

ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ ચૂંટણી ખર્ચના નિયંત્રણ અંગે ફ્લાઈંગ સ્કવોર્ડ,વિડિયો સર્વેલન્સ ટીમ, વીડિયો વ્યૂવીંગ ટીમ, સ્ટેટીક સર્વેલન્સ ટીમ, એકાઉન્ટીગ ટીમ, આસીસ્ટન્ટ એક્ષપેન્ડિચર ઓબ્ઝર્વર, એમ.સી.એમ.સી ટીમ વગેરે ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમો પૈકી હાલમાં ફ્લાંઈગ સ્કવોર્ડ અને વીડિયો સર્વેલન્સ ટીમ કાર્યરત બની છે.



ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે પહોંચાડવા યુવા મોરચાના કાર્યકરોએ ખાસ ઝુંબેશ હાથ ધરી હતી.

# માધવપુરામાં જુગારધામ પર દરોડા : ૧૭ની ધરપકડ થઈ

અમદાવાદ, તા.૧૫

શહેરના માધવપુરા વિસ્તારમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડીને કુલ ૧૭ની ધરપકડ કરી છે. પોલીસે દરોડા દરમ્યાન ઘટના સ્થલેથી ૧૬ મોબાઈલ ફોન, ત્રણ કાર અને રોકડ રકમ મળી આશરે સાત લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. માધવપુરા પાસેથી ૨૮,૦૦૦ રોકડ રૂપિયા, ત્રણ કાર તથા ૧૬ મોબાઈલ મળી કુલ સાત લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જુગાર રમતા પકડાયેલ ચંદ્રકાંતભાઈ ઘનજીભાઈ પરોઢિયા, રાજેશભાઈ કાનજીભાઈ પટેલ, કિશોરભાઈ રામજીભાઈ સોનેજા, જિજ્ઞેશ મનુભાઈ શાહ, મણીલાલ નાથુભાઈ પટેલ, ભરતભાઈ નાથુભાઈ પટેલ, ગૌતમભાઈ દેવાંગભાઈ પટેલ, રતનળાલ માનજીભાઈ પટેલ, અખબાદ અહેમદ અબ્દુલકાદર શેખ, અનુમાન પઠાણ, સતીશ રામચંદ્ર ગુપ્તા, ગજેન્દ્ર ગોકળદાસ પરમાર, અબ્બાસ સુલેમાન મિયાણા, સુરેશભાઈ નારણભાઈ પંજાબી, દિપક કાંતિલાલ શાહ, લક્ષ્મીચંદ ગિરધારીલાલ જૈન, સલીમ અહેમદ મનસૂરી અહેમદ સૈયદનો સમાવેશ થાય છે. માધવપુરા પોલીસે ૧૭ જુગારીઓને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત છે કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની તૈયારીઓ રાજકીય પક્ષો જોરશોરથી કરી રહ્યા છે ત્યારે બીજીતરફ પોલીસ અને એજન્સીઓ પણ કામે લાગી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. સત્તાધીશોની ઉંઘ જાણે હમણા હાલ જ ઉઠી હોય તેમ જુગારધામ અને દારૂના અડ્ડાઓ જે વર્ષોથી ચાલી રહ્યા છે તેમની ઉપર દરોડા પાડવાના નવા નાટકો શરૂ કર્યા છે. એક જોતં એવું લાગી રહ્યું છે કે આચારસંહિતાની અસર અને નિયમોનું પાલન ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા ઉપર પણ લાગુ પડે છે તેથી જ એકાએક પોલીસ જુગારધામ અને દારૂના અડ્ડા ઉપર રેડ કરીને પોતાની કામગીરીને બતાવી રહ્યા છે.



પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, શહેરના ઝોન-૨ વિસ્તારમાં આવેલા માધવપુરાની જહાંગીર વકીલ મિલની ચાલીમાં ચાલતા જુગારધામ પર એસીપી સહિતના માધવપુરા પોલીસના કાફલાએ દરોડા પાડ્યા હતા. જુગારધામ પર પાડેલા એકાએક દરોડા દરમ્યાન પોલીસે ૧૭ લોકોને જુગાર રમતા રંગે હાથે ઝડપી પાડ્યા હતા. તેમજ આ ૧૭ આરોપીઓ

# હાઉસિંગ યોજનાઓ સંબંધિત પ્રશ્નોનો નિકાલ માટે રાજ્યકક્ષાની સંકલન સમિતિની રચના

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત હાઉસીંગ યોજનાઓ સંબંધિત પ્રશ્નોના નિકાલ તેમજ આ યોજનાઓના અમલીકરણ અંગે વિવિધ વિભાગો સાથે સંકલન માટે રાજ્યકક્ષાની સંકલન સમિતિની રચના કરવામાં આવી છે.

રાજ્યના શહેરોને ઝુંપડપટ્ટી મુક્ત બનાવવાનો સંકલ્પ કેન્દ્રમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજનાની જાહેરાત કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં મુખ્યત્વે ઓછી અને મધ્યમ આવક ધરાવતા વર્ગોને આગામી પાંચ વર્ષમાં વ્યાજબી કિંમતે આવાસ મળી રહે તે હેતુથી સરકારી સંસ્થાઓ તેમજ ખાનગી વિકાસકારોને પણ કાર્યસિદ્ધમાં જોડવાની રાજય સરકારની નેમ છે. આ ધ્યેય સિદ્ધિ માટે એફોર્ડેબલ હાઉસિંગ માટેની નીતિ રાજય સરકારે જાહેર કરેલ છે.

રાજ્ય સરકારનો આ ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ હાઉસીંગના આ કાર્યક્રમના મજબૂતીકરણ તેમજ તેના અમલ દરમ્યાન ઉપસ્થિત થતા પ્રશ્નો જેવા કે પર્યાવરણ જમીનની મંજૂરી સંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે તેમજ હાઉસીંગ યોજનાઓની કાર્યવાહી વિલંબીત ન થાય તે માટે તેમજ સંબંધિત વિભાગો સાથે સંકલન સાધી શકાય તે માટે રાજ્યકક્ષાની સંકલન સમિતિની રચના કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલી રાજ્યકક્ષાની આ સમિતિમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગના અગ્ર સચિવ, પંચાયત વિભાગના અગ્ર સચિવનો આ સમિતિમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે હાઉસિંગના સચિવનો આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સમિતિએ મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસન કાર્યક્રમનું મજબૂતીકરણ, આવાસ યોજનાઓના અમલીકરણમાં વિલંબ ન થાય તે માટે સંબંધિત વિભાગો સાથે સંકલન સાધી જરૂરી મંજૂરીઓ મેળવવામાં મદદરૂપ થવું આવાસન કાર્યક્રમના અમલ દરમ્યાન ઉપસ્થિત થતાં પ્રશ્નોના ઉકેલ સંબંધિત કામગીરી અને સંબંધિત વિભાગો દ્વારા આવાસ યોજનાઓની શક્યતાઓ ચકાસી અમલવારી કરાવવાની કામગીરી કરવાની રહેશે.

## કંપની સમાચાર

### સીપીએસઇ ઇટીએફ : નોન-એન્કર ઇન્વેસ્ટર્સ માટે ૧૯મી માર્ચ ૨૦૧૪થી એનએફઓ ખૂલશે

સીપીએસઈ ઈટીએફ, ઓપન એન્ડેડ ઈન્ડેક્સ એક્સચેન્જ ટ્રેડેડ સ્કિમની ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) એન્કર ઈન્વેટસ્ટર્સ માટે આગામી ૧૮મી માર્ચ ૨૦૧૪ના રોજ અને નોન-એન્કર ઈન્વેસ્ટર્સ માટે આગામી ૧૯મી માર્ચ ૨૦૧૪ના રોજ ખૂલશે. ગોલ્ડમેન સાશ એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા. લિ. દ્વારા સંચાલિત સીપીએસઈ ઈટીએફ એક ઓપન એન્ડેડ સ્કીમ છે જે એક્સચેન્જ ઉપર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ઈટીએફ)ના સ્વરૂપમાં લિસ્ટેડ થશે જે કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝીઝ-સીપીએસઈ) ઈડેક્સ ધ્યાનમાં રાખે છે. સીપીએસઈ ઈટીએફ ઈન્વેસ્ટર્સ માટે સાગમટે ૧૦ મહારત્ન, નવરત્ન અને મીનીરત્નમાં ભારત સરકાર દ્વારા સીપીએસઈ ઈન્ડેક્સ અંતર્ગતના શેરના સંદર્ભ ભાવ કરતાં પાંચ ટકા ડિસ્કાઉન્ટ સાથે રોકાણ કરવાની એક અનન્ય તક છે. એલોટમેન્ટ ડેટથી લોયલ્ટી યુનિટ રેકોર્ડ ડેટ એટલે કે એનએફઓ એલોટમેન્ટ ડેટથી એક વર્ષ સુધી યુનિટને જાળવી રાખનારા લાયક રિટેઈલ ઈન્ડિવ્યુઝઅલ ઈન્વેસ્ટર્સને ૬.૬૬ ટકા લોયલ્ટી યુનિટસ્ (દર ૧૫ યુનિટસ દીઠ એક લોયલ્ટી યુનિટ) આપવામાં આવશે. નોન-એન્કર ઈન્વેસ્ટર્સ એનએફઓ ૨૧મી માર્ચ ૨૦૧૪ના રોજ બંધ થશે.

### આ હોળી પર નારાયણી હાઈટ્સ દ્વારા અમદાવાદમાં સૌપ્રથમ વખત ટોમાટીનો સેલિબ્રેશન

આગવી શૈલીમાં ઉત્સવોની ઉજવણી કરવાની પરંપરાને આગળ વધારતા નારાયણી હાઈટસે ૧૭ માર્ચ, ૨૦૧૪ના રોજ ટોમાટીનો ફેસ્ટિવલનું આયોજન કર્યું છે. જેમાં રેઈન ડાન્સ અને ડીજે પાર્ટી પર આયોજિત કરવામાં આવશે. આ ટોમાટીનો ફેસ્ટિવલ અમદાવાદ ખાતે સૌ પ્રથમ વખત ઉજવાશે. વિશ્વ પ્રસિદ્ધ સ્પેનીશ ફેસ્ટિવલથી પ્રેરિત આ અનોખી ઉજવણી અમદાવાદને ઉત્સવો ઉજવવા માટે નવી દીશા આપશે.સર્જનાત્મકતા, નવીનતમ અભિગમ અને અનોખી વિચારસરણી જેવી આદર્શ ફિલોસોફી ધરાવતા નારાયણી હાઈટસ દ્વારા આયોજિત આ ઉજવણીમાં નારાયણીના કલબ મેમ્બર્સ આમંત્રિત છે. આ ઉજવણીમાં લાઈવ ફૂડ પણ પીરસવામાં આવશે.

***નારાયણી હાઈટ્સ વિશે :*** અમદાવાદ ખાતે નારાયણી હાઈટસ પ્રિમીયમ જીવનશૈલી માટે એક વિશેષ અને ખ્યાતનામ સ્થળ છે. વૈભવી સગવડો ધરાવતા અહીંના શાહી પરિસરમાં અનોખું રેસ્ટોરન્ટ છે, જેનું શાહી ભોજન પ્રશંસનીય અને લોકપ્રિય બન્યાં છે. નારાયણી હાઈટસ આરામ અને આર્કિટેકચરનો રમણીય સમન્વય છે.

## ૧૦ હજાર મણ લાકડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ થાય છે. ૨ હજાર ક્વિન્ટલ દીઠ રૂ. ૧૧૦ના ભાવે લાકડા ઉપલબ્ધ થાય છે. વનવિભાગ દ્વારા લાકડાનું વેચાણ થતુ હોવાથી હોળીના પર્વ દરમિયાન લાકડા ખરીદવા આવતા ભાવિકોની પણ ભીડ જોવા મળે છે. આ વર્ષે પણ ૧૦ હજાર મણ લાકડા હોળીદહનના ઉપયોગમાં લેવાશે. બીજીતરફ વિવિધ ઠેકાણે યોજાતા હોળીદહનથી લાકડાના બળતણ ઉપરાંત પ્રદૂષણ થતુ હોવાનો સૂર પણ છાનાખૂણે ઉઠવા પામ્યો છે. સંજોગોમાં ધાર્મિકતા જળવાઈ રહે તેમજ પર્યાવરણનું પણ જતન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ પર્યાવરણ પ્રેમીઓ સૂર ઉઠાવી રહ્યા છે.

## મતદાર નોંધણી અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફોર્મ ગાંધીનગર (દ)માંથી મળ્યા હતા. પુરુષ અને મહિલા મતદારોએ સરખો ઉત્સાહ દાખવ્યો હતો જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં નવા નોંધાયેલા મતદારોને એપિક કાર્ડ આપવાનું એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ થશે અને પ્રથમ પખવાડિયા દરમિયાન જ તેનું વિતરણ સંપન્ન થઈ જાય તે રીતે આયોજન થઈ રહ્યું છે. ૩૦મી માર્ચ સુધી જિલ્લામાં નવા મતદારોની નોંધણીનું અભિયાન ચાલશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## સારા વરસાદનું સૂચક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈષ્ટ ગણાતા નથી. આ ઉપરાંત રાત્રે જુદા જુદા પ્રહરમાં શિયાળાના અવાજ પરથી પણ ચોમાસાનો નિર્દેશ થતો હોય છે. આ એક પ્રકારનું પવન જોવાનું અને તે ઉપરથઈ ચોમાસાના અંદાજ બાંધવાનો ધાર્મિક ઉપરાંત પણ નિર્દેશક તહેવાર ગણાય છે. એક બાબત એવી જાણવા મળેલ છે કે હોળીના ભવનમાં લાંબો ચીપીયો રાખી સેકેલી રોટલી તૈયાર કરીને તે રોટલીને દોરાથી વિંટીને હોળીમાં રાખવાથી દોરો બળતો નથી તેને સત્યના પ્રતિક તરીકે જોવામાં આવે છે. કોઈ કોઈ ઠેકાણએ હોળી પછીથી રહેલા અંગારા પર ખુલ્લા પગે ચાલવાની ધાર્મિક પરંપરાનું પણ જાણમાં છે. કેટલાક ઠેકાણે હોળી પછી દુકાન એક સાથે ખોલવાનો રીવાજ પણ જાણમાં આવેલ છે.

## આનંદીબેન પટેલ મોખરે

● અનુસંધાન પહેલાનું ચાલુ


કોંગ્રેસ માટે મજબૂત ગણવામાં આવેલી છ સીટમાંથી પણ ત્રણ સીટ મોદી કોંગ્રેસ પાસેથી પડાવી લેવામાં સફળ નિવડ્યા છે. એનડીટીવી ઓપીનીયન પોલ દ્વારા નરેન્દ્ર મોદી માટે ટેફલોન પર્ફોર્મન્સનું નામ ગુજરાત માટે અપાયું છે તે મુજબ લોકસભાની કુલ ૨૬ સીટમાંથી ૨૩ સીટ ભાજપ જીતી લેવામાં સફળ નિવડશે.

લોકસભાની ચૂંટણીઓ દેશભરમાં યોજાઈ રહી છે ત્યારે સમગ્ર દેશ અને દુનિયાની નજર ગુજરાત અને દેશના ભાવિ વડાપ્રધાનપદના ઉમેદવાર અને રાજ્યના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર મંડાઈ છે. હવે દરરોજ જુદા જુદા માધ્યમ દ્વારા એક સર્વે થઈ રહ્યો છે કે કોણ કેટલી સીટ સાથે જીતનાં મેદાનમાં આગળ રહેશે. તાજેતરમાં જ એનડી ટીવી દ્વારા કરાયેલા એક સર્વે મુજબ મોદી સબસે આગે પુરવાર થઈ રહ્યા છે. તે મુજબ ગુજરાતમાં મોદી ૨૩ સીટો સાથે આગળ રહેશે તેવું એનડી ટીવીના સર્વેમાં તારણ આવ્યું છે.

આ સર્વે મુજબ રાજકીય વિશ્લેષકો દ્વારા કોંગ્રેસ માટે મજબૂત ગણવામાં આવેલી છ સીટમાંથી પણ સર્વેએ ત્રણ સીટો મોદી કોંગ્રેસમાંથી પડાવી લેવામાં સફળ નિવડ્યા છે. એનડી ટીવી ઓપીનીયન પોલ દ્વારા નરેન્દ્ર મોદી માટે ટેફલોન પર્ફોર્મન્સનું નામ ગુજરાત માટે અપાયું છે તે મુજબ લોકસભાની ૨૬ સીટમાંથી મોદી ૨૩ સીટો ભાજપ માટે આંચકી લેવામાં સફળ નિવડશે. આનંદીબેન પટેલ ૫૪ ટકા વોટ સાથે રહે સબસે આગે.

એનડી ટીવી દ્વારા એક ડગલુ આગળ જો મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાનપદે આરૂઢ થાય તો ગુજરાતમાં તેમના પછીનું સ્થાન કોણ લેશે ? તે અંગેનો સર્વે પણ કરી લીધો છે. આ સર્વે મુજબ ૫૪ ટકા વોટ સાથે આનંદીબેન પટેલ મોખરે છે. આ સર્વે હંસા રિસર્ચ દ્વારા કરાયો છે. ૬૭ ટકા ભાજપના મતદાતાઓ કહે છે કે નરેન્દ્ર મોદીએ યુપીથી ચૂંટણી લડવી જોઈએ નહી જયારે ૬૨ ટકા ભાજપ મતદાતાઓ ઈચ્છે છે કે રાષ્ટ્રીય કક્ષાએ ચૂંટણી મોદીએ ઉત્તરપ્રદેશથી લડવી જોઈએ. કોંગ્રેસની ઓછામાં ઓછી છ સીટો ગુજરાતમાં મજબૂત ગણાય છે તેવું રાજકીય વિશ્લેશકો માને છે. પરંતુ કોંગ્રેસમાંથી ભાજપમાં પ્રવેશી ચુકેલા કેટલાક ધારાસભ્યો અને કોંગ્રેસમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ અને લડાઈના કારણે ૬નાં બદલે ત્રણ સીટો જ નિશ્ચિત ગણી શકાય તેવું આ સર્વે દ્વારા જાહેર થયું છે.

# શબ્દાવલી - ૫૩૪૦



**આડી ચાવી**

- ૧. પાપનું આચરણ (૪)
- ૪. ગુંજન, સારેગમનો રાગ(૩)
- ૭. વિચાર કરનાર ઇન્દ્રિય(૨)
- ૮. નેપાળો, જુલાબ (૫)
- ૧૦. પિયુ, પ્રિતમ (૩)
- ૧૧. નાનો પાવડો (૩)
- ૧૪. શ્રવણે.... માં બેસાડી મા-બાપને જાત્રા કરાવી (૩)
- ૧૫. ઉજાસ, ચળકાટ (૩)
- ૧૭. એકદમ નવા (૫)
- ૨૦. છુટ્ટી, રવિવારે... હોય (૨)
- ૨૧. વિચાર વિમર્શ (૪)
- ૨૨. ઘટવું (૩)

**ઊભી ચાવી**

- ૧. તુચ્છ, હલકું (૩)
- ૨. પત્તુ, નાગરવેલનું... (૨)
- ૩. રાજાઇ ઠાઠ (૪)
- ૪. દુનિયા, જગત (૩)
- ૫. કર, વેરો (૩)
- ૬. પાટણનું... સાડી (૩)
- ૯. ચીજવસ્તુઓ (૨)
- ૧૧. પવિત્ર (૩)
- ૧૨. સમુદ્રમાં રહેલો અગ્નિ(૫)
- ૧૩. ગરીબ (૨)
- ૧૫. હોંશિયાર (૩)
- ૧૬. મર્યાદા (૪)
- ૧૮. મૃત શરીરને ઓઢાડવામાં આવતું વસ્ત્ર (૩)
- ૧૯. રોક, થોભ (૨)

## શબ્દાવલી ૫૩૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) છબછબીયા (૪) વાસુ (૬) તલ (૭) દરમાયો (૯) વાનગી (૧૨) નવરો (૧૩) નસ (૧૬) અંગીકાર (૧૮) હાલરડું (૨૧) રામ (૨૨) લક (૨૩) ઘોર (૨૫) પવાલી (૨૬) નજાકત

**ઊભી ચાવી :-** (૧) છત (૨) બલવાન (૩) યાદ (૪) વામા (૫) સુયોગ્ય (૮) રવાનગી (૧૦) નવકાર (૧૧) ગીરો (૧૪) સકારાત્મક (૧૫) વહાલપ (૧૭) રમ (૧૯) લકવા (૨૦) ડૂબો (૨૪) રન

ટચૂકડી જાહેર ખબર

**વજન ઘટાડો**

મહિને ૪/૫ કિલો, કોઈપણ જાતની આડ અસર વગર, કસરત કર્યા વગર, ભૂખ્યા રહ્યા વગર, ચરબી ઘટાડો.

૧૦૦% સુરક્ષિત અને કુદરતી

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

**સર્વ રોગોનો ઈલાજ**

૯ લાખ ઓરેક વેલ્યુ ડ્રીન્ક શરીરના ગંભીર, જટીલ અને જૂના રોગોનો સંપૂર્ણ ઈલાજ

મો. : ૮૫૧૧૧૮૭૮૫૩

૧૦૦% સુરક્ષિત અને કુદરતી